બાયડમાં કોંગ્રેસને નામશેષ કરવા માટે અમૂલ્ય તક મળી છે

બાયડ પાલિકામાં ભાજપનું શાસન, નગરસેવકો માટે પ્રજાની અપેક્ષા પૂર્ણ કરવાનો પડકાર : જવલંત વિજયથી ફુલાયા વગર લોકકલ્યાણના કામોને પ્રાથમિકતા આપવી પડશે

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

બાયડ પાલિકામાં અપેક્ષા મુજબ ૧૭ બેઠકો સાથે ભાજપે ઐતિહાસિક વિજય મેળવી ભગવો લહેરાવ્યો છે. કોંગ્રેસનાં સૂપડાં સાફ થવાની સાથે જાતે બની બેઠેલા કોંગ્રેસના આગેવાનો માનસિક રીતે હતાશ થઈ જતાં ૨૪ કલાકથી ક્યાંય જાહેરમાં દેખાયા નથી. પાલિકામાં ભાજપનું શાસન આવ્યું છે ત્યારે ખાસ કરીને ચૂંટાયેલા ભાજપના નગરસેવકો માટે પ્રજાની અપેક્ષા પૂર્ણ કરવાનો મોટો પડકાર છે. જવલંત વિજયથી જરા પણ ફુલાયા વગર લોકકલ્યાણના કામો કરશો તો ૫ વર્ષ પછી આવનારી ચૂંટણીમાં મત માગવા નહીં જવું પડે. શહેરમાં કોંગ્રેસને અને તેમની ભ્રષ્ટ ટોળકીને નામશેષ કરવાની મતદારોએ અમૂલ્ય તક આપી છે તેનો સદઉપયોગ કરજો.

પ્રજા અને મતદારો અમારા ગુલામ છે, અમારા એક ઈશારે આખું બાયડ નતમસ્તક થઈ જાય તેવી શેખી હાંકતા કોંગ્રેસના અનેક આગેવાનોને પોતાના અસ્તિત્વ માટે પાણીમાંથી બહાર ફંગોળાયેલી માછલીના જેમ તરફડતા અનેક મતદારોએ જોયા છે. પાલિકામાં અનહદ ભ્રષ્ટાચાર આદરી ચૂંટણી આવે એટલે પૈસા આપી અને દારૂ પીવડાવી મત ખરીદી લઈશું તેવા ખ્વાબમાં રહેલા કોંગ્રેસીઓ પોતાની રણનીતિમાં ઉંધા માથે પટકાયા. સામે પક્ષે ભાજપે શિક્ષિત પ્રજામાં સારી છાપ ધરાવતા ઉમેદવારોને મેદાનમાં ઉતારી જંગ જીત્યો છે. બાયડ પાલિકાના અત્યાર સુધીમાં યોજાયેલા ૪ ચૂંટણી જંગમાં ગઈકાલના ચૂંટણી જંગનું પરિણામ ઐતિહાસિક છે. છેલ્લા વર્ષોમાં બાયડ પાલિકામાં વિકાસના કામો કરતાં ભ્રષ્ટાચારનો વિકાસ વધુ થયો છે જેથી ભાજપના સત્તાધિશોએ હવે પ્રજાની પાયાની સમસ્યાઓ દૂર કરવાની સાથે બાયડના સર્વાંગી વિકાસ માટે દિઘર્દ્રષ્ટીનું રોડમેપ તૈયાર કરવું પડશે. એકબીજાની કાપાકાપી કે હૂંસાતૂંસીમાં આવ્યા વગર પ્રજાએ ભાજપ અને કમળના નામે જે મત આપ્યા છે તે ભૂલ્યા વગર સર્વોત્તમ વિકાસ કરશો તો બાયડનગર અરવલ્લીનું સર્વશ્રેષ્ઠ નગર બની શકે છે. કોંગ્રેસમાં પતનનું કારણ ભાજપના આગેવાનો જાણી ચૂક્યા છે ત્યારે તેમાંથી પણ બોધપાઠ લેવો રહ્યો.

બાયડમાં કોંગ્રેસનાં મૂળીયાં કેમ ઉખડ્યાં..

બાયડ પાલિકામાં કોંગ્રેસનાં મૂળીયાં કેમ ઉખડ્યાં..?? સ્વાભાવિક જ આ સવાલ છેલ્લા ૨૪ કલાકથી ચર્ચાઈ રહ્યો છે. ત્યારે આવો જાણીએ કોંગ્રેસનાં મૂળીયાં કેમ ઉખડ્યાં..

- પાલિકાના પાછલા અઢી વર્ષના શાસનમાં વિકાસના કામોમાં ખુલ્લેઆમ કટકીના આક્ષેપ લાગ્યા, અનેક કોન્ટ્રાક્ટરો બાયડ પાલિકામાં કામ કરવા માટે તૈયાર ન હતા.
- બાયડ પાલિકામાં સામાન્ય કામ કરવું હોય તો પણ ૩ થી ૪ ધક્કા થાય, બાયડ પાલિકાના કેટલાક સ્ટાફના ઉધ્ધત વર્તન સામે પણ લોકઆકોશ જોયો હતો જે મતદારોએ બેલેટનું નહીં પરંતુ બુલેટનું બટન દબાવી કોંગ્રેસને પતન તરફ ધકેલી દીધી.
- કોંગ્રેસમાં જે રીતે પરિવારવાદ હાવિ થઈ ગયો રખે ને પરિવારવાદની પાલિકા બનશે તો પ્રજા અને વેપારીઓ માટે શ્વાસ લેવો પણ મુશ્કેલ થઈ જશે તે પ્રજા જાણી ગઈ અને ભૂતકાળના અનુભવોથી પ્રજા સૂપેરે માહેર હતી જેના કારણે કોંગ્રેસનાં મૂળીયાં ઉખેડવાના યજ્ઞમાં પ્રજાની આહૂતિ કામે લાગી.
- લૉકડાઉન દરમ્યાન ખુલ્લેઆમ ઉઘરાણાં, વેપારીઓને હેરાનગતિ, નાના વેપારીઓને હેરાનગતિ એટલી હદે થઈ કે શાસકોનું ફરીથી શાસન ન આવે તે માટે ગરીબોએ બાધાઓ રાખી હતી. પરિણામ જાહેર થયું એટલે અનેક ગરીબ પરિવારોએ પોતાના ઘર અને ફળીયાની દેરીમાં કોંગ્રેસનો ધ્વજ અડધી કાઠીએ ફરકતાં શ્રીફળ વધેર્યા.
- બિલ્ડરો સહિત અનેક કોન્ટ્રાક્ટરોને માનસિક યાતનાઓ સાથે લે-વેચ જેવો ધંધો શરૂ કર્યો જેના કારણે બિલ્ડર લાંબી પણ કોંગ્રેસના શાસન સામે આકોશીત હતી.
- પોતાની સાથે તાબે ન થનારા વેપારી કે ઉદ્યોગકારને સખણો કરવા માટે ગંદા કચરાની પેટીઓ મૂકવામાં આવતી અને પરેશાનીનો ધિક્તો ધંધો શરૂ કર્યો તે પણ કોંગ્રેસના પતનનું કારણ બન્યું.

‘કહીં ખુશી કહીં ગમ’ના દૃશ્યો સર્જાયા

ભિલોડા તાલુકા પંચાયત,જીલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં તાલુકા પંચાયતની ૧૪ બેઠકો ભાજપના ફાળે,૧૧ બેઠકો કોંગ્રેસના ફાળે,૦૧ અપક્ષના ફાળે : જીલ્લા પંચાયતની ૦૩ બેઠકો ભાજપના ફાળે,૦૪ બેઠકો કોંગ્રેસના ફાળે

ભિલોડા,તા.૩ કોરોનાકાળ વચ્ચે રવિવારે ઉમળકાભેર મતદાન બાદ આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસ,ભિલોડામાં મત ગણતરી વહીવટી તંત્ર ધ્વારા હાથ ધરાઈ હતી.ઉમેદવારોના ટેકેદારો, સમર્થકો, કાર્યકરોના ટોળે-ટોળા મત ગણતરી સ્થળ પાસે હાજર રહ્યા હતા.ભિલોડા તાલુકામાં ભારે રસાકસીભર્યા ચુંટણી જંગમાં વિજેતા અને હારેલા ઉમેદવારો જાહેર કર્યા હતા. તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં તાલુકા પંચાયતની ૧૪ બેઠકો ભાજપના ફાળે,૧૧ બેઠકો કોંગ્રેસના ફાળે,૧ અપક્ષના ફાળે અને જીલ્લા પંચાયતની ૦૩ બેઠકો ભાજપના ફાળે,૦૪ બેઠકો કોંગ્રેસના ફાળે આવી છે. તાલુકા અને જીલ્લા પંચાયતના વિજેતા ઉમેદવારોના વિજય સરઘસ ડી.જે.ના તાલે જોરશોરથી નીકળ્યા હતા.હોદ્દેદારો,કાર્યકરો,સમર્થકો ડી.જે.ના તાલે ઝુમી ઉઠ્યા હતા.જીતનો જશ્ન મનાવ્યો હતો.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મલાસા ગામના પનોતા પુત્ર કિશનગઢ જીલ્લા પંચાયત બેઠક ભાજપના ઉમેદવાર લાલસિંહ હિંમતસિંહ ચૌહાણએ ૧૫૪૬ મતની લીડથી ભવ્યાતિભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે.

પુર્વ પ્રમુખ,ગુજરાત પ્રદેશ પંચાયત પરીષદ, ગાંધીનગર અને પુર્વ પ્રમુખ, અરવલ્લી જીલ્લા પંચાયત,કિશનગઢ જીલ્લા પંચાયત બેઠક કોંગ્રેસના ઉમેદવાર રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીનો પરાજય થયો છે. ભિલોડા-મેઘરજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારાનો પુત્ર કેવલભાઈ જોષીયારા, કોંગ્રેસના ઉમેદવાર તાલુકા પંચાયતની ઉબસલ બેઠક પરથી પરાજય થયો છે.જેસીંગપુર જીલ્લા પંચાયત બેઠકની વાંકાનેર તાલુકા પંચાયત બેઠકમાં પ્રથમવાર ભાજપનો ભગવો લહેરાયો છે. ભાજપના ઉમેદવાર વિક્રમભાઈ ભગવાનદાસ પટેલ વિજેતા જાહેર કરાયા હતા.

ભિલોડા તાલુકાની (જીલ્લા પંચાયત બેઠકના વિજેતા)

બેઠકનું નામ	વિજેતા ઉમેદવાર	પક્ષ	મતનું માર્જીન
કિશનગઢ	લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ	ભાજપ	૧૫૪૬
નાંદોજ	હસમુખભાઈ મનજીભાઈ મડીયા	ભાજપ	૧૦૫૨
જેસીંગપુર	રસિકાબેન કિરીટભાઈ ખરાડી	ભાજપ	૨૦
ઓડ	સજ્જનબેન સુભાષભાઈ તબીયાર	કોંગ્રેસ	૪૮૪
મોટા કંથારીયા	વનરાજભાઈ ડામોર	કોંગ્રેસ	૨૦૨૮
કુંડોલપાલ	રાજેશ્વરી કર્ણવીરસિંહ ચંપાવત	કોંગ્રેસ	૭૧૪
ભિલોડા	ઈન્દુબેન ભાવિનભાઈ તબીયાર	કોંગ્રેસ	૮૦૩

(ભિલોડા તાલુકા પંચાયતના વિજેતા ઉમેદવારોની યાદી)

બેઠક નું નામ	વિજેતા ઉમેદવાર	પક્ષ	મતનું માર્જીન
૧ - ભાણમેર	અનિલભાઈ નવજીભાઈ હડુલા	કોંગ્રેસ	૪૮૧
૨ - ભિલોડા - ૧	લક્ષ્મીબેન નટુભાઈ ગામેતી	ભાજપ	૫૦૨
૩ - ભિલોડા - ૨	શાન્તાબેન કાંતીલાલ ડામોર	ભાજપ	૪૫૯
૪ - ભિલોડા - ૩	ચેતનાબેન કાલીચરણ હોથા	કોંગ્રેસ	૧૮૫૮
૫-દહેગામડા	તારાબા વિક્રમસિંહ જાડેજા	કોંગ્રેસ	૧૨૯
૬-ધંબોલીયા	પારૂલબેન નિલેશભાઈ પંચોલી	ભાજપ	૧૨૬
૭-જાબચિતરીયા	રેખાબેન શંકરભાઈ પટેલ	ભાજપ	૨૨૪
૮-જનાલી	જયાબેન અનિલભાઈ રાવત	ભાજપ	૩૩૩
૯-જેસીંગપુર	બાબુભાઈ મંગાજી હોથા	કોંગ્રેસ	૧૬૦૦
૧૦-ખેરાડી	ધનજીભાઈ મરતાજી નિનામા	ભાજપ	૫૧૭
૧૧-ખિલોડા	જમનાબેન મહેશભાઈ ડામોર	ભાજપ	૨૦૫
૧૨-કિશનગઢ	સરલાબેન નારણભાઈ તબીયાર	કોંગ્રેસ	૮૩
૧૩-કુંડોલપાલ	નરસિંહભાઈ વાલજીભાઈ ડામોર	કોંગ્રેસ	૧૦૫૮
૧૪-કુશ્કી	નયનાબેન જયંતીભાઈ પારઘી	ભાજપ	૭૪૪
૧૫-મઉં	શ્યામકુમાર નાનજીભાઈ પરમાર	ભાજપ	૧૩૫૪
૧૬-મોટા કંથારીયા	અરવિંદભાઈ સોમાભાઈ ગામેતી	કોંગ્રેસ	૩૪૩
૧૭-મુનાઈ	મનિષાબેન મુકેશભાઈ પાંડવ	ભાજપ	૯૭૮
૧૮-નાંદોજ	ભાનુમતીબેન હિરાલાલ મેણાત	ભાજપ	૬૪૯
૧૯-ઓડ	અમૃતભાઈ ધુળાભાઈ ફેરા	કોંગ્રેસ	૬૮૦
૨૦-પાલ્લા	વિમલબેન અરવિંદભાઈ ભગોરા	ભાજપ	૪૨૫
૨૧-રામપુરી	તરલીકાબેન બંકીમચંદ્ર તબીયાર	ભાજપ	૯૩૧
૨૨-ઉબસલ	સિધ્ધરાજભાઈ વાલજીભાઈ નિનામા	અપક્ષ	૬૪૫
૨૩-વાઘપુર	હર્ષદભાઈ કાનજીભાઈ વરસાત	કોંગ્રેસ	૧૧૮૭
૨૪-વાંકાનેર	વિક્રમભાઈ ભગવાનદાસ પટેલ	ભાજપ	૨૩૮
૨૫-વાંસળી	જયેશભાઈ જયંતીભાઈ પરમાર	કોંગ્રેસ	૬૫૪
૨૬-વેજપુર	કાંતીભાઈ લક્ષ્મણભાઈ ખરાડી	કોંગ્રેસ	૫૮૬

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર દ્વારા રોબેટીક્સ પ્રિમીયર લીગનું આયોજન

ઈનોવિલેજ આત્મનિર્ભર ગામ માટે નવતર પ્રયોગ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

ઈડરની યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા શિક્ષા, સંસ્કૃતિ ઉત્થાન્યાસ અને ધ ગુડ હ્યુમન ફાઉન્ડેશન દ્વારા ઈનોવિલેજ આત્મનિર્ભર ગામ માટે નવતર પ્રયોગો થઈ રહ્યા છે. છેલ્લા ૯ વર્ષથી અવિરત ચાલતા કાર્યક્રમમાં ૧૩૦ થી વધુ ગામોના ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને પોષાય તેવી ફી માં ગ્રામ્ય કક્ષાએ ગુણવત્તાસભર શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં સ્કુલ દ્વારા ૬૦ ગામડાંના બાળકોને રોબેટીક્સના માધ્યમથી ટેકનોલોજીના ઉપયોગમાં આત્મનિર્ભર થાય તે માટે રોબેટીક્સ પ્રિમીયર લીગનું આયોજન કરવામાં આવ્યું છે.

આત્મનિર્ભર ભારત અંતાર્ગત આત્મનિર્ભર ગામનાં ઈનોવિલેજ કલસ્ટર પાયલટ પ્રોજેક્ટ શ્રી ગઢડાશામળાજી, ધોરીદૂધાલી, ગુંદેલ, ઉંચીધનાલ, તુવેર તેમજ ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા ચલાવાઈ રહ્યો છે. ગામના વિદ્યાર્થી, યુવાનો તેમજ ધંધાર્થીઓ માટે ૨૧મી સદીના મહત્વના કૌશલ્યો વિકસાવવા માટે ઉદ્યોગ સાહસિકતાના વિકાસ માટે, વિશ્વના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સને પૂર્ણ કરવા માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના ઉપલક્ષમાં વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ગામડાંના વિદ્યાર્થીઓને રોબેટીક્સ અંગે તાલીમ આપવાની સાથે પ્રતિભાશાળી વ્યક્તિઓની ઓળખ અને જરૂરી સહાય માટે પ્લેટફોર્મ ઉભું કરવામાં આવ્યું છે. સ્કુલ દ્વારા આત્મનિર્ભર ગામ માટે ટેકનોલોજી આધારીત ઈકો સીસ્ટમ ઉભી કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે જે લાંબાગાળે ગામડાંને વિશ્વ સાથે જોડી આત્મનિર્ભર બનાવે તેવી શક્યતાઓ ઉભી કરવામાં આવી છે. ૬ ગામડાંના લોકોની ભાગીદારી આ પાયલટ પ્રોજેક્ટમાં નોંધાઈ છે. જેથી યુનિક-યુ સ્કુલના ઈનોવિલેજ આત્મનિર્ભર પ્રયોગને સફળતા મળી હોય તેવું લાગી રહ્યું છે.

જિલ્લામાં શાકભાજીના ભાવમાં ઓચિંતો ઉછાળો ઉનાળામાં વધુ ભાવ વધવાની સંદેહના

૧૫ દિવસ ભાવમાં માંડ રાહત થઈ ત્યાં ભાવ વધ્યા

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગૃહીણીઓને શાકભાજીના ભાવમાં ૧૫ દિવસ માટે સામાન્ય રાહત થયા પછી હવે ફરીથી ભાવમાં ઓચિંતો ઉછાળો આવ્યો છે. જિલ્લામાં ઉનાળા દરમ્યાન શાકભાજીના ભાવ વધુ વધવાની સંદેહના વ્યક્ત થઈ છે. જિલ્લામાં ડુંગળી, ભીંડા, ગવાર, ફુલાવર સહિતના શાકભાજીના ભાવ ઉંચકાતાં ગૃહીણીઓના બજેટને અસર થવા લાગી છે. શિયાળા દરમ્યાન શાકભાજીની ભરપુર આવક હતી જેના કારણે ભાવમાં વધારા પછી થોડોક ઘટાડો નોંધાયો પરંતુ હવે ગરમીની સીઝનમાં શાકભાજીની આવક ઓછી રહેતી હોવાથી ભાવમાં વધુ ભડકો થવાના અણસાર છે.

જિલ્લામાં ઘરઆંગણે ખેડૂતો શાકભાજીનું વાવેતર કરતા હોવા છતાં અન્ય રાજ્યોમાંથી શાકભાજીની વધુ આવક રહેતી હોય છે જેથી ભાવ ઉપર કોઈ નિયંત્રણ રહેતું નથી. આ વખતે સ્થાનિક શાકભાજીના વાવેતર ઉપર એક પછી એક કમોસમી માવઠાંનો માર તેમજ વાતાવરણ વિષમ થતાં ઉત્પાદનને માઠું નુકસાન પહોંચ્યું હતું. શિયાળા દરમ્યાન શાકભાજીની આવકમાં વધારો થયો પરંતુ સામે મોટી માંગ હોવાથી ભાવમાં તોતિંગ વધારો થતાં ગૃહીણીઓમાં દેકારો મચી ગયો હતો. થોડાક સમય માટે બંન્ને જિલ્લામાં શાકભાજીના ભાવમાં સામાન્યતઃ ઘટાડો થતાં ગૃહીણીઓ હરખાઈ હતી પરંતુ આ હરખ જાજો સમય ટક્યો નથી. હવે શાકભાજીના ભાવમાં ઓચિંતો ઉછાળો આવ્યો છે જેના કારણે લીલી શાકભાજી વધુ મોંઘી થવાના સંકેત મળી રહ્યા છે. ઉનાળાની સીઝનમાં સ્વાભાવિક રીતે જ શાકભાજીની આવકમાં ઘટાડો નોંધાતો આવ્યો છે જેના કારણે કીલો દીઠ શાકભાજીના ભાવમાં રૂા.૫ થી ૧૦ નો વધારો શરૂ થયો છે. શાકભાજીના વેપારીઓનું માનીએ તો માંગ વધુ છે અને શાકભાજીનું સ્થાનિક ઉત્પાદન હવે ઘટ્યું છે જેના કારણે અન્ય રાજ્યોમાંથી થતી આવક તેમજ ઈંધણના ભાવ વધારાના કારણે ટ્રાન્સપોર્ટેશન મોંઘુ પડતાં તેની સીધી અસર શાકભાજીના ભાવ ઉપરથઈ હોવાનું જણાવી રહ્યા છે.

જિલ્લામાં શાકભાજીના ભાવ ઉપર નજર..

શાકભાજી	ભાવ (૧ કી.ગ્રા.)
ડુંગળી	રૂા.૪૦ થી ૫૦
કોબિઝ	રૂા.૧૫ થી ૨૦
ભીંડા	રૂા.૫૦ થી ૮૦
ગવાર	રૂા.૧૦૦ થી ૧૨૦
સીમલા મરચાં	રૂા.૩૦ થી ૬૦
દૂધી	રૂા.૨૦ થી ૩૦
ફુલાવર	રૂા.૨૦ થી ૪૦
વાલોર	રૂા.૨૦ થી ૩૦
વટાણા	રૂા.૩૦ થી ૪૦
બટાકા	રૂા.૧૫ થી ૨૦

‘ગાંધીનગર સમાચાર’ના અહેવાલનો પડઘો

દારૂના વેપારીઓનું વિસર્જન : અરવલ્લી એલ.સી.બી.ના સ્ટાફની હેડક્વાટર્સમાં નિયુક્તિ

પ્રામાણિક અધિકારી-કર્મચારીઓની નિયુક્તિ કરી છબી સુધારવાનો પ્રયાસ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

ખુદ દારૂ શોધનારાઓ જ ધરપકડની બીકથી અંડરગ્રાઉન્ડ, એલ.સી.બી. ખુદ ભ્રષ્ટાચારનો દરવાજો, સસ્પેન્ડ પી.એસ.આઈ. માત્ર મહોરૂ છે, અરવલ્લી એલ.સી.બી.ના તમામ સ્ટાફની બદલી કરવી જોઈએ..તેવા એકમાત્ર અહેવાલ તા.૨૫ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા હતા. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા છેવટે એલ.સી.બી.માં ફરજ બજાવતા ૧૨ જેટલા પોલીસ કર્મીઓની હેડક્વાટર્સ ખાતે બદલી કરી ભ્રષ્ટાચારની સફાઈ હાથ ધરતાં પ્રામાણિક અધિકારી-કર્મચારીઓમાં પોલીસ વડાના નિર્ણયને અંદરખાને આવકારી રહ્યા છે. જો કે મોટાં માથાંને બચાવવા માટે બદલીઓનું તરકટ તો રચ્યું નથી ને..?? જિલ્લા પોલીસ વડાએ આ બાબતની પણ યોગ્ય સ્પષ્ટતા કરી દારૂના વેપલામાં સામેલ કર્મીઓએ પાછલા બે મહિના દરમ્યાન કોના સંપર્કમાં હતા..?? કેટલીવાર ચોક્કસ ઈસમોના સંપર્ક થયા..?? તેની વિગતો મીડીયા સમક્ષ જાહેર કરવી જોઈએ.

અરવલ્લી પોલીસની મથરાવટી મેલી થઈ છે ખુદ પોલીસ અધિકારીઓ અને સ્ટાફ પકડાયેલા દારૂનું વેચાણ કરી ખિસ્સાં ભરતા હોવાનું પ્રકાશમાં આવ્યું. ગાંધીનગર સમાચારમાં એલ.સી.બી.ની લાલીયાવાડીના અહેવાલ પ્રસિદ્ધ થયા પછી રાજ્યના ગૃહ વિભાગ સહિત સી.એમ.ઓ. કાર્યાલય દ્વારા પણ ગંભીર નોંધ લેવામાં આવી. જ્યારે અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં કોઈ અડચણ ન આવે તે માટે પોલીસ વડાએ એલ.સી.બી.માં સાફસૂફીના નિર્ણય ઉપર થોભો..ની નીતિ અપનાવી પરંતુ ગત રોજ જિલ્લામાં શાંતિપૂર્વક મત ગણતરી પૂરી થયા પછી એલ.સી.બી.ના ૧૨ જેટલા કર્મચારીઓની હેડક્વાટર્સ ખાતે નિયુક્તિ કરી દેવામાં આવી છે. નિર્ણય હિંમત ભર્યો છે પરંતુ બધા જ બદલી થયેલા કર્મચારીઓને ગુનેગાર ગણી બદલી કરવી તે પણ યોગ્ય નથી. જ્યારે મુખ્ય સૂત્રધાર ખુદ પી.એસ.આઈ.એ અત્યાર સુધીમાં કેટલા તોડ કર્યા, દિપાવલી પર્વ દરમ્યાન કોને કેટલાં કવર આપ્યાં..?? શા માટે કવર આપવાની ખાખી વર્દીને ફરજ પડી..?? તેની ભીંતરમાં પણ પોલીસ વડા ડોકીયું કરે તો ચોંકાવનારા રહસ્યસ્ફોટ થઈ શકે છે.

એલ.સી.બી.માંથી હેડક્વાટર્સ મૂકાયેલા કર્મચારીઓ..

મોહનસિંહ પૂંજેસિંહ
સરદારજી મગનજી
દિલીપ રામાભાઈ
મનહરસિંહ દાનસિંહ
નિલેષ વિષ્ણુભાઈ
કેતન કિરીટભાઈ
નરેશ વિરમભાઈ
વિક્રમ વક્તુસિંહ
કરણસિંહ મહેન્દ્રસિંહ
લાલજીભાઈ રત્નાભાઈ
અનોપસિંહ લાલસિંહ
અજમેલજી સોનાજી

મલાઈદાર સ્થળે ફરજ બજાવનારા કર્મચારીઓની તપાસ જરૂરી..

નવરચિત અરવલ્લી જિલ્લામાં અનેક સંનિષ્ઠ પોલીસ કર્મીઓને છેવાડાના પોલીસ સ્ટેશનોમાં ધકેલવામાં આવ્યા હતા. જ્યારે વહીવટદાર બની પોલીસ માટે ઉઘરાણું કરતા ભ્રષ્ટ પોલીસ કર્મીઓને એલ.સી.બી., એસ.ઓ.જી. અને આઈ.બી.માં નિયુક્તિ કરવામાં આવતી હતી ત્યારે ખુદ પી.એસ.આઈ.ના દારૂ વેચાણ પ્રકરણ પછી જિલ્લા પોલીસ વડાએ ૧૨ પોલીસ કર્મીઓની બદલી કરી છે. ત્યારે મલાઈદાર સ્થળે તે પૈકીના કેટલા કર્મચારીઓ, કેટલા સમયથી ફરજ બજાવતા રહ્યા તેની પાછલા ૫ વર્ષની વિગતો માંગવામાં આવે તો અનેક ફટાકડા ફૂટે તેમ છે.

ભિલોડાની બેન્કમાં શિક્ષિકાના રૂપિયા ૪૦ હજાર ચોરાયા

પોલીસ તસ્કરીનો ભેદ ઉકેલવા ધંધે લાગી

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

ભિલોડાની સાબરકાંઠા બેન્કમાં શિક્ષિકા અનિતાબેન દેવજીભાઈ મોરીના પર્સમાંથી રૂા. ૪૦ હજારની રોકડ રકમ ચોરાઈ જતાં પોલીસ ભેદ ઉકેલવા માટે ધંધે લાગી છે. શિક્ષિકા મહિલાએ ૩ છોકરાઓ સામે તસ્કરીની શંકા વ્યક્ત કરી છે જેથી પોલીસ દ્વારા બેન્કમાં લગાવાયેલા સી.સી.ટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવી રહ્યાં છે. બનાવ અંગે ભિલોડા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

તસ્કર ટોળકી બેન્કમાં રોકડ રકમ ઉપાડવા જતા ગ્રાહકો ઉપર વૉચ ગોઠવી રોકડ રકમ ઉપાડવામાં આવે કે તરત ચોરીના બનાવને અંજામ આપે છે છતાં પોલીસ ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળાં મારવા માટે દોડી રહી છે. વિજયનગર તાલુકાના કણાદર ગામનાં અનિતાબેન મોરી ભિલોડા તાલુકાની સુંદરપુર પ્રાથમિક શાળામાં શિક્ષિકાની ફરજ બજાવતાં હોવાથી તા.૧ ના રોજ ભિલોડાની સાબરકાંઠા બેન્કમાં તેમના ખાતામાંથી રોકડ રકમ ઉપાડવા માટે આવ્યાં હતાં જે સમયે રૂા.૪૦ હજારની રોકડ ઉપાડી પર્સમાં મૂકી બેન્કના કાઉન્ટર ઉપર જૂની ચેકબુકનો નંબર આપવા માટે ગયાં હતાં તે સમયે પાછળથી કોઈ તસ્કરોએ તેમના પર્સમાંથી રોકડ રકમ સેરવી લીધી હતી. રોકડ રકમ ચોરાઈ ગયા પછી તેમની પાછળ ૨ છોકરાઓ ઉભા હોવાનું તેમના ધ્યાનમાં આવ્યું હતું અને તે જ ચોરીને અંજામ આપી અન્ય એક છોકરા સાથે ફરાર થઈ ગયાનું જણાઈ આવતાં પોલીસને જાણ કરી છે. શિક્ષિકાના પર્સમાંથી બેન્કમાં રોકડ રકમ ચોરાઈ જતાં પોલીસ દોડતી થઈ છે.

ખેડબ્રહ્મામાં બે માર્ગ અકસ્માતમાં બેનાં મોત, એકને ઈજાઓ થઈ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૩

ખેડબ્રહ્માના નવામારવાડા સ્ટેન્ડ તેમજ દેરોલ ગામની સીમમાં સર્જાયેલા જુદા જુદા ૨ માર્ગ અકસ્માતમાં ૨ માનવી જીંદગીઓનો ભોગ લેવાયો છે. જ્યારે સંગ્રામપુરા ગામના વિક્રમ સવજીભાઈ ગમારની નજર સામે તેમનાં પત્નિ ભાવનાબેન ગમાર ઉપર તોતિંગ કેઈનનાં ટાયર ફરી વળતાં કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માતમાં ચાલકે બાઈકને ટક્કર મારી ફંગોળી નાખતાં મૃતક મહિલાના પતિને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગો લોહી તરસ્યા બન્યા

માર્ગો લોહી તરસ્યા બની ગયા હોય તેમ રોજ જીવલેણ અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ખેડબ્રહ્માની પટેલ સોસાયટીમાં રહેતા રતિભાઈ પ્રભાશંકર પંડ્યા તા.૨ ના રોજ એક્ટીવા લઈને નવામારવાડા તરફ હાઈવે માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા હતા જે સમયે ખેડબ્રહ્મા થી ઈડર જતા બાઈક ચાલક સાથે એક્ટીવા ટકરાઈ જતાં રતિભાઈ પંડ્યા રોડ ઉપર પટકાયા હતા જેમાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે પ્રવિણ પ્રભાશંકર પંડ્યાની ફરિયાદના આધારે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધ્યો છે. બીજા બનાવમાં ખેડબ્રહ્માના સંગ્રામપુરા ગામના વિક્રમભાઈ ગમાર અને પત્નિ ભાવનાબેન ગમાર તા.૨ ના રોજ બાઈક ઉપર દેરોલ ગામની સીમમાંથી પસાર થઈ રહ્યાં હતાં જે સમયે યમદૂત બનીને આવેલા કેઈનના ચાલકે બાઈકને ટક્કર મારતાં ભાવનાબેન ગમારનું સ્થળ ઉપર મોત નિપજ્યું હતું. જ્યારે પતિને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં લઈ જવાયાં હતાં. વાહનોની અવર જવરથી ધમધમતા માર્ગ ઉપર મહિલા ઉપર અકસ્માતમાં ઈમરજન્સી સમયે દોડતી કેઈનનાં ટાયર ફરી વળતાં ફૂરચા ઉડી ગયા હતા. બનાવ અંગે વિક્રમભાઈ ગમારની ફરિયાદના આધારે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.